Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુ. ૯૪

# શ્રી આત્માનંદ પ્રકાશ


વાર્ષીક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ
# SHREE ATMANAND PRAKASH



પુસ્તક : ૯૭ ✠ અંક ૧-૨

કારતક-માગશર
નવેમ્બર-ડીસેમ્બર : ૯૯

✠ આત્મ સંવત : ૧૦૪ ✠
卐
✠ વીર સંવત : ૨૫૨૬ ✠
卐
✠ વિક્રમ સંવત : ૨૦૫૬ ✠

उप प्रेम बलानीह जगत्यान्तर-निर्मलम् ।
नम्रीभवन्ति सर्वेऽपि पुरस्तस्य महौजसः ।।

જગત્માં આન્તરિક નિર્મળ પ્રેમ એ સહુથી મોટું બળ છે.
બધાં બળો એનાથી ઊતરતાં છે.
એ મહાન્ બળની આગળ બધા નમ્ર બને છે.

Sincere and pious love is the best among all the powers in the world. All become humble before the great strength there-of.

( કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૫૭ * પૃષ્ઠ ૧૫૨ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| (૧) | શિવસુખની મહેચ્છા (કાવ્ય) .... .... | શ્રી અમુલખ ડી. શાહ | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે.... .... | શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ | ૩ |
| (૩) | શાંત ક્રાંતિકારીની કીર્તિ કમાયેલા મુનિ શ્રી આત્મારામજી મ. સા. .... .... .... | શ્રી દોલત ભટ્ટ | ૭ |
| (૪) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ * હપ્તો : ૧૬ મો) .... | — | ૧૨ |
| (૫) | શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર દ્વારા શ્રી જ્ઞાનપંચમી મહોત્સવની ભવ્ય ઉજવણી | અહેવાલ : શ્રી મુકેશ સરવૈયા | ૧૫ |
| (૬) | કાયોત્સર્ગ એટલે શરીરને છોડવાની ક્ષમતા.... કાયાથી દૂર થઈ જવાની તૈયારી.... .... | .... શ્રી મહેન્દ્ર પુનાતર | ૧૭ |
| (૭) | જિનવચન પરમ હિતકારી .... .... .... | –શ્રી ગુંજન બરવાળિયા | ૨૨ |



આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

**શ્રીતીમબેન કાંતિલાલ શાહ (કે. સી. શાહ ઘર દેરાસરવાળા) ભાવનગર**

આ સભાના નવા આજીવન સભ્યશ્રી

**શ્રી ચંપકલાલ ઝવેરચંદ શાહ ભાવનગર**

## શ્રવણને આચરણમાં મૂકો....

સારી વાતો સાંભળનારા કદાચ આજે લાખો છે....

સંભળાવનારા કદાચ હજારો છે....

સમજનારા કદાચ સેંકડો છે....

પણ એને આચરણમાં મૂકનારા કદાચ વિરલાઓ જ છે....

સારી વાતો સંભળાવીને.... સાંભળીને કે સમજીને માત્ર સંતોષ ન પામશો....

એને આચરણમાં મૂકવા પ્રયત્નશીલ પણ બનજો.... કામ થઇ જશે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


## શીવસુખની મહેચ્છા....



તર્જ : ઇતની શક્તિ હમે દેના દાતા....

એવી શક્તિ પ્રભુજી તું આપે, શુભ કાર્યો આ હાથે કરૂ હું
ગાન તારા હું ગાતા રે ગાતા, શીવસુખની માળાને વરૂ હું
....એવી શક્તિ

દોડુ ધરતી ઉપર હું જ્યાં ત્યાં, યા ઘુમતો રહુ છુ આકાશે
અંધકાર ચારે તરફ છે, હૈયુ ઝંખે પ્રભુ તું પ્રકાશે
દુર થાયે અંધાર જીવનનો, એવી આશ તારી ધરૂ હું
ગાન તારા હુ ગાતા રે ગાતા, શીવસુખની માળાને વરૂ હું
....એવી શક્તિ

સારી દુનિયાની માયા વળગે, સંસારે ખુંચતો રહુ છુ
પડતાને સૌએ પછાડે, રીત જગતની હુ જાણી રહુ છુ
તારી શક્તિ છે પડતાને ઝાલે, કરૂણા તારી પામી રહુ હુ
ગાન તારા હું ગાતા રે ગાતા, શીવસુખની માળાને વરૂ હુ
....એવી શક્તિ

ધન્ય રહે છે જીવન આ અમારૂ, હો દિલમાં રટણુ છે તમારૂ
છે શાશ્વત નામ તમારૂ, એ તો લાગે છે સૌને અનેરૂ
વૃદ્ધિચંદ્ર મંડળ ગીત ગાવે, તારી ભક્તિ સદાયે કરૂ હુ
ગાન તારા હુ ગાતા રે ગાતા, શીવસુખની માળાને વરૂ હુ
....એવી શક્તિ

રચયિતા : અમુલખ ડી. શાહ

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# મન:શાંતિનો માસ્ટર પ્લાન

પેરીસનો એફીલ ટાવર, મોસ્કોનો ક્રેમ્લીન પેલેસ,
લંડનનો ટાવરબ્રીજ અને બકિંગહામ પેલેસ,
ઇજિપ્તનું પિરામીડ, ચીનની દીવાલ,
સ્ટેચ્યુ ઓફ લિબર્ટી (ન્યૂયોર્ક), ફિલ્મસીટી હોલીવુડ,
સ્વીટ્ઝર્લેન્ડનું પ્રાકૃતિક સૌંદર્ય, પિન્ક સીટી જયપુર,
વૃન્દાવન ગાર્ડન (મૈસુર), નીલગિરિ માઉન્ટન (ઉટી),
સાલારજંગ મ્યુઝીયમ (હૈદ્રાબાદ), મરીના બ્રીજ (મદ્રાસ),
વિક્ટોરીયા મેમોરીઅલ (કલકત્તા),
ગેટ વે ઓફ ઇન્ડિયા (મુંબઇ),
દિલ્હીનો લાલ કિલ્લો, આગ્રાનો તાજમહાલ,
કાશ્મીરના હિમાચ્છાદિત ગિરિશૃંગો અને કેસરના ખેતરો

**દુનિયાની આટ-આટલી સફર જાણ્યા-માણ્યા પછી પણ જો,**

મનની સ્વસ્થતા ન જળવાતી હોય,
તનમાં ચૈતન્ય ન ઉભરાતું હોય,
જીવનમાં ખરેખર શાંતિ ન અનુભવાતી હોય
તો આખરે વિચારવું જ રહ્યું....
મનની શાંતિનો માસ્ટર પ્લાન કરવો રહ્યો....

**SHASHI INDUSTRIES**

Selarsha Road, BHAVNAGAR-364 001
Phone : O. 428254 - 430539

Rajaji Nagar, BANGALORE-560 010


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

**શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ**

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ૯૬ વર્ષ પુરા કરી ૯૭ માં વર્ષમાં પ્રવેશ કરે છે તથા શ્રી જૈન આત્માનંદ સભા એકસો ત્રણ વર્ષ પુરા કરી એકસો ચારમાં વર્ષમાં પ્રવેશ કરે છે, જે આપણા સર્વેને માટે આનંદ અને ગૌરવની વાત છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની સુગંધ ફેલાવતું અને સદ્‌વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું આ માસિક સારી પ્રગતિ કરી રહ્યું છે.

અમો આ માસિકમાં વિદ્વાન પૂ. ગુરુભગવંતોના લેખો, જૈન ધર્મના તત્વજ્ઞાનના લેખો, વિદ્વાન લેખક–લેખિકાઓ તેમજ પ્રાધ્યાપકો તરફથી આવેલા લેખો, સ્તવનો, પ્રાર્થના ગીતો, જૈન સાહિત્ય અને ઇતિહાસના લેખો, ભક્તિ ભાવના લેખો તથા ભાવનગરમાં ચાતુર્માસ પધારેલા પ. પૂ. ગુરુ ભગવંતોની શુભ નિશ્રામાં ઉજવાયેલ ધાર્મિક અનુષ્ઠાનો–આરાધનાઓ–ધાર્મિક મહોત્સવો વિગેરેની માહિતી સમયાનુસાર પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા થતી અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા એક નજર કરીએ :

શ્રી જૈન આત્માનંદ સભા જૈન સાહિત્ય તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહિત્યના પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પ. પૂ. વિદ્વાન મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ ઉઠાવીને સંશોધન કરેલ અને સંપાદિત કરેલ "શ્રી દ્વાદૃશારં નયચક્રમ્"ના ત્રણ ભાગોનું આપણી આ સભાએ પ્રકાશન કરેલ છે, જેની દેશ–પરદેશ જેવા કે જાપાન, જર્મની, ઓસ્ટ્રીયા, અમેરિકા વિગેરે દેશોમાં સારી માગ છે. તેના પહેલા ભાગનું ( પુનઃમુદ્રણ ) પણ સંવત ૨૦૫૪ ની સાલમાં કરવામાં આવેલ હતું.

આપણી સભાએ સભાના સ્થાપનાના ૧૦૧ વર્ષમાં પ્રવેશ વખતે પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી 'શ્રી તીર્થંકર ચરિત્ર' (સચિત્ર)નું પ્રકાશન કરેલ છે. જેનો વિમોચન સમારંભ શાણા મુકામે શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયના વિશાળ હોલમાં તા. ૧–૨–૧૯૯૮ના રોજ પૂ. આચાર્યદેવ શ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા. આદિ મુનિ ભગવંતોની શુભ નિશ્રામાં રાખવામાં આવ્યો હતો.

આ સભા પોતાની માલિકીના વિશાળ મકાનમાં "જાહેર ફ્રી વાચનાલય" ચલાવે છે. જેમાં સ્થાનિક ભાવનગર, રાજકોટ, અમદાવાદ તેમજ મુંબઇના દૈનિક વર્તમાન પત્રો, વ્યાપારને લગતા અઠવાડિકો તથા જૈન ધર્મના બહાર પડતા વિવિધ અઠવાડિકો, માસિકો વાંચન અર્થે મૂકવામાં આવે છે, જેનો જૈન–જૈનેતર ભાઇઓ બહોળા પ્રમાણમાં લાભ લઇ રહ્યા છે.

આ સભા સારી લાઇબ્રેરી પણ ચલાવે છે. જેમાં પ્રતો, જૈન ધર્મના અમૂલ્ય પુસ્તકો, સંસ્કૃત, પ્રાકૃત ભાષાના પુસ્તકો, વ્યાકરણના પુસ્તકો, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકો તેમજ નોવેલોનો સમાવેશ થાય છે આ પુસ્તકોનો પ. પૂ. ગુરુ ભગવંતો તથા સાધ્વીજી ભગવંતો પણ ચાતુર્માસ દરમ્યાન જ્ઞાનાભ્યાસ તેમજ વ્યાખ્યાન સમયે પ્રવચનાર્થે સારા પ્રમાણમાં ઉપયોગ કરે છે. જૈન તેમજ જૈનેતર ભાઇ–બહેનો પણ સારા પ્રમાણમાં આ લાઇબ્રેરીનો ઉપયોગ કરી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ધાર્મિક પ્રવૃત્તિઓ :

(૧) સં. ૨ ૫૫ના પોષ વદ ૯ ને રવિવાર તા. ૧૦-૧-૯૯ ના રોજ ઘોઘા-શ્રી નવખંડા પાર્શ્વનાથ, કદમ્બગિરિ-શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ, શત્રુંજય ડેમ, પાલીતાણા-જય તલાટી તથા કીર્તિધામ (પીપરલા) શ્રી સીમંધરસ્વામી તીર્થનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ યાત્રા પ્રવાસમાં સભ્યશ્રી ભાઈઓ-બહેનો તથા મહેમાનો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. આ યાત્રા પ્રવાસ ઘણાજ આનંદ-ઉત્સાહ અને ધાર્મિક ભાવનાઓ સહ પરિપૂર્ણ થયો હતો.

(૨) સં. ૨૦૫૫ના ચૈત્ર સુદ ૪ ને રવિવાર તા. ૨૧-૩-૯૯ના રોજ પાલીતાણા તીર્થ યાત્રાપ્રવાસ યોજવામાં આવ્યો હતો. શેઠ નરશી નાથા જૈન ધર્મશાળા-પાલીતાણા ખાતે નવકારશી તથા ભોજનની સઘળી વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની ગુરુ-ભક્તિનો અનેરો લ્હાવો લેવામાં આવ્યો હતો. કારોબારીના સભ્યશ્રીઓ, સભાના સભ્ય ભાઈ-બહેનો અને મહેમાનોએ શત્રુંજય ગિરિરાજની ભાવપૂર્વક યાત્રા કરી સેવા-પૂજા-દર્શન-વંદન આદિનો ભક્તિભાવપૂર્વક લાભ લીધો હતો પૂ. આત્મારામજી મહારાજ સાહેબની ( આ સભાના સ્થાપક ) શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર આવેલ દેરીએ પણ દર્શન-વંદનનો લાભ લીધો હતો.

(૩) સં. ૨૦૫૫ના દ્વિતીય જેઠ સુદ ૭ ને રવિવાર તા ૨૦-૬-૯૯ના રોજ ઘોઘા, તળાજા, દાઠા, શત્રુંજય ડેમ તથા પાલીતાણા-જય તલાટી યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો જેમાં સભાના સભ્યશ્રી ભાઈ-બહેનો તથા મહેમાનોએ સારી એવી સંખ્યામાં આ યાત્રા પ્રવાસમાં જોડાઈને સેવા-પૂજા-દર્શન-વંદન તથા સામુહિક ચૈત્યવંદનનો લાભ લીધો હતો.

## અન્ય પ્રવૃત્તિઓ :

(૧) સં. ૨૦૫૬ના કારતક સુદ પાંચમના રોજ સભાના વિશાળ લાઇબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવી હતી. સવારના છ વાગ્યાથી રાત્રિના નવ દરમ્યાન અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, શ્રી સકળ સંઘના શ્રાવક-શ્રાવિકા ભાઈ-બહેનો તથા નાના બાલક-બાલિકાઓએ હોંશપૂર્વક જ્ઞાનની ગોઠવણી નિહાળવા પૂર્વક દર્શન-વંદન અને જ્ઞાન પૂજનનો અનેરો લાભ લીધો હતો.

(૨) તા. ૧૫-૮-૯૯ના રોજ સભાના વિશાળ ભોગીલાલ લેક્ચર હોલમાં ન્યૂ એસ. એસ. સી. ૧૯૯૯ ની વાર્ષિક પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર ૨૮ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઇનામ ( પારિતોષિકો ) અર્પણ કરવાનો. તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવાનો એક બહુમાન સમારંભ યોજવામાં આવ્યો હતો. સંસ્કૃત વિષયમાં ૮૦ કે તેથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને માર્કસ અનુસાર ઈનામો આપવામાં આવેલ હતા. સંસ્કૃત વિષયના ઇનામી ઉમેદવાર ભાઈ-બહેનોને સ્વ. શ્રી મોહનલાલ જગજીવનદાસ સલોત ( હસ્તે-શ્રી દિવ્યકાંત મોહનલાલ સલોત ) તરફથી એક-એક શીલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ કોલેજમાં અભ્યાસ કરતા ૧૧ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કરવામાં આવી હતી.

સભા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ ધાર્મિક ગ્રંથોનું ( ગુજરાતી તથા સંસ્કૃત ) સભા વેચાણ કરે છે તથા પ. પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ જ્ઞાન ભંડારોને ભેટ પણ આપે છે.

સં. ૨૦૫૫ માં ૭ પેટ્રન તથા ૭ આજીવન સભ્યો થયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાની પ્રગતિમાં પ. પૂ. ગુરુ ભગવંતો, સાધુ-સાધ્વીજી ભગવંતો, વિદ્વાન લેખક-લેખિકાઓ, પેટ્રન તથા આજીવન સભ્યશ્રીઓએ જે સાથ-સહકાર આપેલ છે તે સર્વે મહાનુભાવોનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

આપ સર્વેનું તેમજ આપ સર્વેના કુટુંબીજનોનું નૂતન વર્ષ આનંદ અને ઉલ્લાસપૂર્વક વિતે તેવી પ્રાર્થના અને શુભેચ્છા પાઠવીએ છીએ


રોકાણકારો માટે અમુલ્ય તક

# ભાવનગર નાગરિક સહ. બેંક લી.

**હેડ આફીસ** : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર

ફોન : ૪૨૯૦૭૦-ફેકસ નં. ( ૦૨૭૮ ) ૪૨૩૮૮૯

**: શા ખા ઓ :**

| ડોન-કૃષ્ણનગર | વડવા નેરા ચોક | રૂપાણી - સરદારનગર | ભાવનગર-પરા |
|---|---|---|---|
| ફોન : ૪૩૯૭૮૨ | ફોન : ૪૨૫૦૭૧ | ફોન : ૫૬૫૯૬૦ | ફોન : ૪૪૫૭૯૬ |

| રામમંત્ર મંદિર | ઘોઘા રોડ શાખા | શિશુવિહાર સર્કલ |
|---|---|---|
| ફોન : ૫૬૩૮૩૨ | ફોન : ૫૬૪૩૩૦ | ફોન : ૪૩૨૬૧૪ |

**સલામત રોકાણ આકર્ષક વ્યાજ**

| | |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૭ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૮ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૯ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૧૧ ટકા |
| ૨ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૧.૫ ટકા |
| ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૨ ટકા |

૭૨ માસે ડબલ

**સિદ્ધિ સદ્ધરતા**

| | |
|---|---|
| શેર ભંડોળ | ૩.૭૫ કરોડ |
| ડીપોઝીટ | ૧૬૩.૮૮ કરોડ |
| ધિરાણ | ૮૭.૯૩ કરોડ |
| રીઝર્વ ફંડ તથા અન્ય ફંડો | ૨૧.૨૦ કરોડ |
| વર્કીંગ કેપીટલ ૨૬૩ કરોડ ઉપરાંત | |

**વેણીલાલ મગનલાલ પારેખ-ચેરમેન**

**એમ. એ. ખંધડીયા**
જનરલ મેનેજર

**નિરંજનભાઈ દલપતરામ દવે**
જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર


નિષ્ફળતાને સફળતામાં પલટાવવાની આપણી માંગ વ્યર્થ છે....
પ્રભુ પાસે એટલું જ માંગીએ કે
નિષ્ફળતામાં હિંમત ટકી રહે અને
સફળતામાં નમ્રતા....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ...



શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ

# ડબલ ડી-ડી સાબુ

તથા

# ૯૦૯ જૈન સાબુ

વાપરો

ઉત્પાદક :

## નિરવ સોપ ફેકટરી

પ્રેસ રોડ, એલ. પી. હાઇસ્કૂલવાળો ખાંચો,
ભાવનગર ૩૬૪ ૦૦૧ : ફોન ૫૧૬૬૪૬

સેલ્સ ડીપો :

## લક્ષ્મી સાબુ ભંડાર

ગોળ બજાર, ભાવનગર ૩૬૪ ૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાંત ક્રાંતિકારીની કીર્તિ કમાયેલા મુનિ શ્રી આત્મારામજી મ. સા.



—દોલત ભટ્ટ

વન વન વસંત વિલસી રહી છે, પંજાબની પૃથ્વીના પટપર પ્રભુપ્રેરીત પ્રકૃતિનો પથારો પથરાઇ રહ્યો છે, પક્ષીઓના ગાન અને ગુલતાને ગગનના ગુંબજો ગુંજી રહ્યા છે. ફૂલડાની ફોરમની ફાંટો ભરીને સમિર સુગંધનો છંટકાવ કરીને વાડી – ખેતરો – સીમ–શેઢા ને–નગરોને નવાજી રહ્યો છે.

આવા કુદરતના કિલ્લોલ વચ્ચે લહેરખાં લેતા લહેરા નામના નાનકડા ગામના ટીંબે એક પુણ્યાત્માએ જન્મ ધારણ કર્યો

પિતાનું નામ ગણેશચંદ્ર, ગણેશચંદ્રકપૂર, બ્રહ્મક્ષત્રિય કુળનો કરડો અને કદાવર પરાક્રમી પુરુષ.

માતાનું નામ રૂપાદેવી. બાળકનું નામ રાખ્યું દિત્તારામ. દિત્તારામના દેદિપ્યમાન દેહ પર દિવ્યતાના દીવડા ઝબૂકવા લાગ્યા. માતાના વાત્સલ્યભાવમાં ભીંજાતો અને પિતાના પ્રેમમાં તરબોળ થતા દિત્તારામનો ઉછેર અથોક લાલન પાલનમાં થવા લાગ્યો.

ગણેશચંદ્ર, પંજાબ કેસરી મહારાજા રણજીતસિંહના સૈનિક બહાદુર અને બાવડાના બળિયા ગણેશચંદ્રકપૂર સૌના માનીતા અને સૌમાં જાણીતા હતા.

તે સમયના લહેરા ગામના જાગીરદાર અત્તરસિંહ, તેઓ શીખ હતા. તેની સત્તા અને શાણપણ પંથકમાં પંકાયેલા. ચબરાક અને ચતુર જાગીરદાર અત્તરસિંહની નજરમાં દિત્તારામ વસી ગયો. મનોમન મનસૂબો કર્યો કે દિત્તારામને શીખધર્મમાં લાવવામાં આવે તો જાતા દિવસે શીખધર્મગુરુ થઇને દેશને ગજવશે. ધર્મધુરધર થઇ શીખ ધર્મની ધજા–પતાકા લહેરાવશે. ભીતરમાં જાગેલી ઝંખનાએ મનમાં મૂર્તસ્વરૂપ ધારણ કર્યું.

કોણ છે હાજર !

'જી. બોલતા ચોપદારોએ શિર ઝૂકાવ્યાં.

જાગીરદારનો હુકમ સર્યો.

"દિત્તારામના બાપને બોલાવો."

અત્તરસિંહની આજ્ઞા લઇને માણસોએ ગણેશચદ્રની ડેલીએ ડગ દીધાં. જાગીરદારનું કહેણ સંભળાવ્યું. તરત જ ગણેશચંદ્ર અત્તરસિંહની સામે ખડો થઇને વેણ વદયા.

"સેવકને સંભારવાનું કારણ !"

જાગીરદારે ગણેશચંદ્રને બેઠક આપી કુટુંબ કબીલાના ખબર અંતર પૂછી મુળ વાત માંડી.

"ગણેશચંદ્ર તારો દીકરો દેવતાઇ અંશવાળો છે."

પોતાના પ્રાણથીય પ્યારા પુત્રની વાત સાંભળીને શૂરવીર સિપાઇના કાન ચમકયા. કેરીનાં ફાડીઆ જેવી આંખનાં પોપચાં પહોળાં થયાં. ગણેશચંદ્રનો સામો સવાલ તોળાયો.

તેનું તમારે શું કામ છે.?"

"મારી મરજી એવી છે કે દિત્તારામને મારે શીખ ધર્મગુરૂ ઠેરવવો".

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાગીરદારની દરખાસ્તના બોલ સાંભળતા જ ગણેશચંદ્રનું સિપાઈ શોણીત ઊકળી ઉઠયું. એની આંખના ખૂણા રાતા થયા. તણે તરત જ વળતો ઉત્તર આપ્યો.

"હું મારા એકના એક પુત્રને સાધુ બનાવવા માગતો નથી. હવે પછી મારી પાસે આવી માંગણી તમારે કરવી નહીં"

ગણેશચંદ્રનો જાગીરદારે રોકડો જવાબ સાંભળી ત્રાડ નાખી. હું એક જાગીરદાર છું, તું એક સિપાઇ. મારી માંગણીની વિરૂદ્ધ વર્તન કરનાર માટે કાજળ કોટડીના કમાડ ઉઘાડા રહે છે. વાત વધીને વળ લેવા માંડી. દિત્તારામ જેવા દૂધમલીયા દીકરાને બાવાના વેશમાં જોવા બાપની તૈયારી નહોતી. ખામોશ રહેલા ગણેશ-ચંદ્ર ઉપર તાતી તલવાર જેવી નજર ફ્રાણીને જાગીરદારે જવાબ માંગ્યો.

"બોલ તારે શું કરવું છે ?."

"દીકરો તો મારાથી તમને નહીં દેવાય."

જાગીરદારે જાણ્યું કે મનાવ્યો માનશે નહીં. કોટડીમાં પુર્યા વગર કૂણો પડશે નહીં.

હુકમ થયો "કેદ કરો".

અત્તરસિંહના હુકમનું એ જ પળે પાલન થયું. આંખના પલકારામાં સિંહ પાંજરે પુરાઇ ગયો, દીકરાના કારણે પતિ કેદમાં પુરાયાની જાણ થતાં મા-દીકરાએ ગણેશચંદ્રના મિત્ર જોધમલ ઓસવાળને ત્યાં આશરો લીધો.

અત્તરસિંહના અંતરના ઓરતા અધૂરા રહ્યાં.

લહેરા ગામ ઉપરથી વસંતનો વૈભવ વિખરાઇ ગયો ગ્રીષ્મ ઋતુ પણ આવીને ગાયબ થઇ ગઇ. આભમાં મેઘાડમ્બરના મંડાણ મંડાઇ ગયા. વાદળાના ચાર ચાર થર બંધાઇ ગયા. ઘેઘૂર વનરાજીમાંથી મોરલાએ ટહુકા કરતા ચાતકની તૃષા તડપી. આથમણા આભમાં ધૂંધળો સૂરજ ઊતરી ગયો ને નભમાં કાળા ડીબાંગ અંધારા ઘુંટાણાં, ગડગડાટ કરતી મેઘ સવારી ચઢી. વીજળીએ વળાંકા લીધા. વરસાદની ધારાઓ છૂટી ગઇ. જોતજોતામાં નદી નાળાં ઉભરાણાં. સરોવર છલકાણાં. કાજળ કોટડીના પહેરેગિરો ઝોકે ચઢયા. કારાવાસના કેદી ગણેશચંદ્રની જોરાવર ભૂજાના પંજા કોટડીનાં બારણાં માથે ભીંસાણાં. મીજાગરા મરડાયા. બારણા બારસાખ-માંથી નોખા થયા. ગણેશચંદ્રને પોતાની મુક્તિનો મારગ હાથવેંતમાં લાગ્યો. મોં માથે મલકાટ પથરાણો. એ મલકાટે મૂછના કાતરા ફરૂકયા. હવે પળનુંય મોડું કર્યું પાલવે એમ નહોતું. અઘોર અંધકારને ઓઢીને ગણેશચંદ્ર નીકળી ગયો. સવાર પડતા જાગીરદારને ગણેશચંદ્ર જેલ તોડીને નીકળી ગયાની જાણ થઈ. અત્તરસિંહની આંખમાં અંગારા ઇઠ્યા. ફરમાન ઉપર ફરમાન છૂટ્યા. ગણેશચંદ્રને પકડો. જાગીરદારની ફોજના ઘોડા મંડયા ફરવા. જેની રગેરગમાં સિપાઇગિરીનું શૌર્યભર્યું શોણિત રમતું હતું એવા ગણેશચંદ્રે તો જાગીરદાર અત્તરસિંહના સામે બહારવટું આદર્યું. એકલવીર થઇને મંડયો ગામડા ધમ-રોળવા. અત્તરસિંહની નિરાંતની નિંદરૂ ઉડી ગઈ એને બેઠયે-ઉઠયે સુખ રહ્યું નહીં.

ગણેશચંદ્ર અને જાગીરદારની ફોજ વચ્ચે જાણયે સંતાકુકડી રમાવા માંડી ગણેશચંદ્રની કાળજાળ ઝંઝોળ્ય જાગરદારની ફોજમે ડારાદેતી ધણેણી રહી છે. એક દિવસ ગણેશચંદ્રને જાગીરદારની ફોજે ઘેરો ઘાલ્યો. સાણસા વચ્ચે સપડાયેલા સિંહે જાણ્યું કે હવે છટકવાનું છીંડુ રહ્યું નથી. અત્તરસિંહના કટક સામે મોરચો માંડયો. સામસામી બંદૂકની ગોળીઓની બટા-તેરી બોલવા માંડી. મોતનો મુકાબલો માંડીને બેઠેલા ગણેશચંદ્રની ઝંઝોળ્યમાંથી ઝમઝમ કરતી છૂટતી ગોળીઓ ફોજમાં ફફડાટી બોલાવા માંડી. આખરે ગણેશચંદ્ર ગોળીએ વિંધાયા. શૂરવીરે શહીદી વેરી.

**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓશવાળ શ્રાવકને ત્યાં ઉછરતા દિત્તારામના દિલમાંથી નિર્મળતાનો નિખાર નીતરી રહ્યો હતો.

ગંગારામજી મહારાજ અને જીવણરામજી મહારાજના સહવાસે આધ્યાત્મિક અંકુરો ફૂટીને ફોરમ ફેલાવવા લાગ્યા. સામાયિક પ્રતિક્રમણનો પુનિત પંથ પકડાઇ ચૂકયો. ત્યાગ-તપ અને ટેકના ટકોરા પડવા માંડયા. અઢાર વરસને આંબતા તો દિત્તારામનું વિતરાગનું વિરલ વ્યક્તિત્વ વિસ્તરી રહ્યું. દિત્તારામે દીક્ષાના ભાવ જાહેર કર્યા.

જોધમલ ઓશવાળની અંતરની અકળામણનો પાર ન રહ્યો. દિત્તારામની દીલની દ્રઢતા ડગી નહીં. સમજાવટના અનેક ઉપાય નિરૂપાય રહ્યા. આખરે અંતરની અનિચ્છા અને ઉપરની ઇચ્છાનો ખેલ રચાયો.

વિક્રમ સંવત ૧૯૧૦ના વર્ષમાં માલેર કોટલામાં જીવણલાલજી મહારાજના હસ્તે દિત્તારામનો દીક્ષા મહોત્સવ મનાવાયો. આત્મારામજી રૂપે અનુપમ અને અપૂર્વ અસ્મિતા ઉભરી.

આત્મારામજી એટલે !

અધ્યયન અને અધ્યાયના અખંડ ઉપાસક. ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિનો સોનેરી સંગમ. અર્ધમાગધી અને સંસ્કૃત ભાષાના જ્ઞાતા આગમના અસલ અર્થો ઉકેલનાર અજોડ અભ્યાસી. વેદો, ઉપનિષદો, પુરાણો, ગીતા, રામાયણ, મહાભારત, શાંકરભાસ્ય બાઇબલ અને કુરાનનો સાર સમજનાર સાધુ.

સો વર્ષ પૂર્વે અમેરિકા ખંડમાં શિકાગો શહેરમાં મળેલી સર્વધર્મ પરિષદમાં વીરચંદ રાઘવજીને મોકલનાર મહાત્મા "શિકાગો પ્રશ્નોત્તર" નામના ગ્રંથ દ્વારા જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાન્તોનો સાર સમજાવતા સંત વિદ્વાન અને વિનય શીલ સાધુ.

આવા આદિત્ય મહારાજે દીક્ષા ગ્રહણ કર્યા પછી સત્તર સાધુ સાથે ગુજરાતમાં પાવન પગલાં કર્યા. સંવત ૧૯૩૨માં સંવેગી દીક્ષા લીધી. તે વર્ષનું ચોમાસુ ભાવનગરમાં કરીને સૌરાષ્ટ્રના શ્રાવકોને ધર્મલાભ આપી તેમના ચરણ રાજસ્થાનને પાર કરીને પંજાબમાં પડયા.

પંજાબમાંના પરિભ્રમણ દરમ્યાન તેમણે તેમજ વિજયઆનંદસૂરિજીએ શુદ્ધ સનાતન જૈન ધર્મની ભાવનાને પ્રબળ અને પ્રેરક કરી હજારો આત્માઓનો ઉદ્ધાર કર્યો તેની ફળશ્રુતિ રૂપે આત્મારામજી અને આનંદસૂરિશ્વરજીની સંયુક્ત સ્મૃતિઓ ચીરકાળ સુધી જીવંત રહે એના પ્રતિકરૂપે સમગ્ર પંજાબમાં "આત્માનંદ" નામની અનેક સંસ્થાઓએ આકાર ધારણ કર્યો, જેમાં પાઠશાળાઓ, પુસ્તકાલયો, દવાખાના, શાળા, કોલેજો તેમજ ધર્મશાળાઓનો સમાવેશ થયો.

તે સમયે આર્યસમાજની સ્થાપના કરનાર ભારતનું ભાગ્ય પલટાવવાનો પ્રચંડ પુરુષાર્થ કરનાર સ્વામી દયાનંદ સરસ્વતી અને આત્મારામજી વચ્ચેની મુલાકાત રાજસ્થાનના જોધપુર શહેરમાં નક્કી થઇ. આત્મારામજી વિહાર કરીને જોધપુર પહોચ્યા. પરંતુ તે દરમ્યાન સ્વામી દયાનંદ સરસ્વતી અકાળ બ્રહ્મલીન થવાની દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઘટી, પરિણામે ઉદારમતવાદી આત્મારામજી અને ક્રાંતિવીર દયાનંદજીનું મળવું અશકય બન્યું. બન્નેની મુલાકાત શકય બની હોત તો મહાત્માઓએ ભારતીય સમાજમાં સંસ્કૃતિની સરિતા વહેતી કરી હોત એવું અનુમાન અવશ્ય કરી શકાય.

પંજાબી, ગુજરાતી, હિન્દી, અર્ધમાગધી અને સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ ધરાવનાર તેઓ અનેક ગ્રંથોના રચયિતા હતા. તે સાધુજીવનનું સફળ અને સિદ્ધ કાર્ય હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંજાબમાં ધર્મ અને સંપ્રદાયો વચ્ચે વિવાદો મતમતાન્તરો અવિરતપણે ચાલ્યા જ કરતા. તેનાં સુખદ સમાધાનો સર્જીને સુમેળ અને સહકારની ભાવના પ્રસ્થાપિત કરીને અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરીને સૌના હૃદયમાં પૂજ્ય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને પંજાબને અવિરતપણે આધ્યાત્મિક ભાવમાં ભીંજવનાર આત્મારામજી, જીવનના છઠ્ઠા દાયકામાં પંજાબમાં પુનિત પગલાં પાડતાં શિક્ષણ, સંસ્કાર અને ધર્મના કેડા કંડારતા વિહાર કરી રહ્યા હતા. અખંડ પંજાબના 'ગુજરાનવાલા' નામના નગરમાં હતા.

સં. ૧૯૫૩ની જેઠ સુદ સાતમની સંધ્યાનો સમય હતો, પ્રતિક્રમણ કર્યા પછી એકાએક શ્વાસ ચઢયો, ઉઠીને આસન પર બિરાજ્યા. શિષ્ય મંડળ વિંટળાયું. મુખમાંથી મંત્રોચ્ચાર ઉઠ્યો.

અર્હન.... અર્હન.... અર્હન....

"અબ હમ ચલતે હૈ, સબકો ખમાતે હૈ !" તેમના ઉજ્જવળ આત્માએ વિદાય લીધી

કાળધર્મ પામ્યાના ખબર સારાએ દેશમાં દોડી ગયા. તેમની પૂનિત સ્મૃતિઓ સદાકાળ રાખવા શત્રુંજય તીર્થ અને ગિરનાર તીર્થ પર તેમની પ્રતિમા સ્થાપવાનો નિરધાર થયો.

ઉજ્જવળ અને અક્ષયકીર્તિને પામનાર "આત્મારામજી" ને અંજલિ આપતા પંડિત સુખલાલજીએ લખેલું કે આત્મારામજી પરમ બુદ્ધિશાળી હતા. શક્તિ સંપન્ન હતા, અને તત્વ પરીક્ષક પણ હતા. પરંતુ એ બધા કરતાં વિશેષ તો તેઓ ક્રાંતિકારી હતા. એમણે સંપ્રદાય બદ્ધતાની કાંચળી ઉતારી નાખવાનું સાહસ કર્યું હતું. તેમાંથી તેમની શાંત ક્રાંતિકારીની કીર્તિ ફેલાણી.

[ ગુજરાત સમાચાર તા. ૮-૧૨-૯૬ ની રવિપૂર્તિ-ધરતીના ધબકારમાંથી સાભાર ]

જેઓ અનંત ગુણના ભંડાર છે, ચોત્રીસ અતિશયોના ધારક છે તથા માનવ જાતિના મહાન ઉદ્ધારક છે, તે શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો....

卐

" શ્રી આત્માનંદ પ્રકાશ " માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**મેસર્સ કાંતિલાલ મગનલાલ શાહ**

**કાપડના વેપારી**

મેઇન રોડ, જોરાવરનગર-૩૬૩ ૦૨૦ ( જિ. સુરેન્દ્રનગર )

: ફોન : ( STD. Code-૦૨૭૫૨ )

ઓફિસ : ૨૨૮૪૨ / ૨૩૩૨૪ રેસી. ૨૨૦૫૬ / ૩૧૫૨૩

卐

**કોરસ ટાઇલ્સ પ્રાઈવેટ લિમીટેડ**

નવાગામ, થાનગઢ-૩૬૩ ૫૩૦ ( જિ. સુરેન્દ્રનગર )

ફોન : ૨૦૮૧૧ ૨૦૫૬૫ ( STD. Code-૦૨૭૫૧ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમની નિત્ય-નિયમિત ઉપાસના કરતાં
જન્મ - જરા - મૃત્યુનો ભય ટળે છે,
અને
અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે, તે
શ્રી અરિહંત દેવોને અમારી
કોટિ-કોટિ વંદના હો....



: With Best Compliments From :

**AKRUTI**
**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, Sion (W.), MUMBAI-400 022
Tele. : 408175162 (Code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ. પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

[ હપ્તો ૧૬ મો ] [ ગુરુ વાણી ભાગ-૨માંથી સાભાર... ]

( ગતાંકથી ચાલુ )

## કષાયસહિત ધર્મનું પરિણામ :-

રાણીએ ધર્મ કર્યો પણ સાથે અહંકારને એટલો જ પોષ્યો. તેથી તેની આવી દુર્ગતિ થઇ. આ સાંભળીને રાણીઓને ખૂબ દુઃખ થયું. તેઓ કૂતરી જ્યાં ફરતી હતી ત્યાં આવી અને કૂતરી સામે હાથ જોડીને ઉભી રહી ગઇ.... કૂતરી આ બધી રાણીઓ સામે જોયા જ કરે છે.... તેને એમ થાય છે કે આ બધાને મેં ક્યાંક જોયા છે.... યાદ કરવા તે વિચારોમાં ખૂબ ઉંડી ઉતરી જાય છે. વિચારોમાં તે એટલી બધી ગરકાવ બની જાય કે જાણે તેને મૂર્છા આવી ગઇ. અંતે તેને જાતિસ્મરણજ્ઞાન થાય છે અને તે પોતાનો પૂર્વજન્મ નિહાળે છે. પૂર્વજન્મને જોતાં તેને ખૂબ આઘાત લાગે છે. આટલી ઉત્કૃષ્ટ આરાધના કરવા છતાં એક નાના અવગુણે મને કયાં લાવીને મૂકી ...અને આઘાતથી તે અન્ન-પાણી છોડી દે છે મરીને સદ્‌ગતિને પામે છે... એક માન કષાય પણ જો માણસને દુર્ગતિમાં ફેંકી દેતો હોય તો ચારે કષાયોથી ભરપૂર જેનું જીવન હોય તેની શી દશા થાય?

ચારે કષાયો ચાર ગતિમાં વહેંચાઇ ગયા છે. ક્રોધ મોટા ભાગે વિશેષે કરીને નારકીમાં રહેલો છે માન કષાય વિશેષે કરીને મનુષ્યમાં રહેલો છે. પશુયોનિમાં મોટા ભાગે માયા રહેલી છે અને લોભ મુખ્યત્વે દેવયોનિમાં રહેલો છે. માન એ મીઠું ઝેર છે. માણસને ખ્યાલેય ન આવે અને ખતમ કરી નાખે. ધર્મ કરનાર સુશ્રાવક કષાયથી મુક્ત હોય.

## સામાન્ય સર્જે વિશેષને... :-

વિશેષનું સર્જન સામાન્યમાંથી થાય છે. માટીમાંથી ઘડો, પથ્થરમાંથી પ્રતિમા, માટી એ સામાન્ય છે, ઘડો એ વિશેષ છે. પથ્થર એ સામાન્ય છે અને પ્રતિમા એ વિશેષ છે. માટી જ ન હોય તો ઘડો કયાંથી બને? પથ્થર જ ન હોય તો પ્રતિમા કયાંથી બને? તેમ સામાન્ય ધર્મ ન હોય તો વિશેષધર્મ કેવી રીતે આવે? માટે પહેલાં સામાન્ય ધર્મમાં દાખલ થવું જોઇએ. સામાન્ય ધર્મ બધાને લાગુ પડે છે. તેમાં જીવન જીવવાની પદ્ધતિ આવે અને વિશેષમાં સામાયિક, પોસહ, પ્રતિક્રમણ વગેરે અનુષ્ઠાનો આવે. પ્રથમ સામાન્ય હશે તો જ વિશેષ આવશે ને! પણ આજે સામાન્ય ધર્મ લુપ્તપ્રાય થઇ ગયો છે.

## પાપભીરૂ :-

ધર્મને આચરનાર શ્રાવક કેવો હોવો જોઇએ તેના ગુણોનું વર્ણન ચાલી રહ્યું છે. તેમાં **ધર્મના અર્થી શ્રાવકનો છટ્ઠો ગુણ-પાપભીરૂ.** જેના જીવનમાં ભીરૂતા આવે છે તે લાયક બની શકે છે. આજે તો મોટા ભાગે પાપના ધંધાઓ શ્રાવકોના હાથમાં છે. કહેવાતો હોય સુશ્રાવક પણ ધંધો તેનો પંદર કર્માદાન-માંથી જ ચાલતો હોય.... મોટી-મોટી ફેકટરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એનો માલિક હોય.... કરોડો જીવોની હિંસા તેના કારખાનામાં થતી હોય.... અમે એક ફેકટરીમાં ગયાં. તેમાં કપ-રકાબી બનાવવામાં આવતા હતા. કપ-રકાબીની બનાવટમાં પહેલાં માટી કેટલાયે દિવસો સુધી પલાળી રાખે પછી બીબામાં માટીને નાખે. થોડા દિવસ પછી બીબાં સુકાય એટલે મોટી ભઠ્ઠી હોય.... ચોવીશે કલાક સળગતી હોય... તેનાથી દસ ફૂટ દૂર ઉભાં હોઇએ તોય આપણુને દઝાડે-આવી ભઠ્ઠીમાં ત્રણ દિવસ સુધી તેને તપાવે.... પછી તેની પર ચિત્ર-કામ થાય.... અને આવા પાપના કતલખાનામાંથી તૈયાર થયેલા તે કપ-રકાબી તમારા શો-કેસને શોભાવે અને તે અનેક જીવોને પાપ બંધાવવામાં નિમિત્ત રૂપ બને....કારણ કે કોઇપણ ચીજને આપણે બહુ સરસ છે એમ કહીને વખાણીએ એટલે તે ચીજની બનાવટમાં થયેલા પાપના છાંટા આપણુને ઉડે જ. છક્કાયના જીવોનો કૂટો થઇ ગયો છે. તમારા ઘરની લગભગ ચીજો આવા છક્કાયના જીવવધમાંથી બનેલી છે.... અનેક ત્રસજીવો પણ આમાં આવીને પડતા હોય છે અને મોતને શરણુ થતા હોય છે. આવા કતલખાનાઓના માલિક હોય.... અને ધર્મસ્થાનકોમાં લાખો રૂપિયા ખરચતા પણ હોય.... વ્યાખ્યાન વગેરેમાં આગળ આવીને બેસતા પણ હોય.... તેમને ધર્મ સ્પર્શ્યો કેમ કહેવાય?

## ધંધો ધર્મ કયારે બને :

શ્રાવક કુલક્રમથી આવેલો ધંધો કરે પણ કેવી રીતે અને કેવો કરે? શાસ્ત્રકારો કહે છે કે જગતમાં જે ધંધો અનિંદ્ય હોય તે જ કરે, વળી પોતાની મૂડીના પ્રમાણમાં ન્યાયપૂર્વક કરે. શાસ્ત્રકારોએ ધંધાને પણ ધર્મ કહ્યો છે કારણ કે ગૃહસ્થને ધંધા વગર તો ચાલે જ નહીં પણ તે ન્યાયયુક્ત હોવો જોઇએ. ન્યાયથી મળેલું દ્રવ્ય માણસને સન્માર્ગે વાળે છે, સન્મતિ આપે છે. જયારે અન્યાયથી મળેલા ધનથી જીવનની શાંતિ હરાઇ જાય છે. અન્યાયના પૈસાથી-ધનથી ઉભા થયેલાં આજના દેરાસરોમાં પ્રભાવકતા જ દેખાતી નથી. મૂળ પાયો જ પવિત્ર નથી, તેથી તેના પર થયેલાં તીર્થો કેવી રીતે પવિત્ર બની શકે? આપણે રોજ જેની બનાવેલી આરતી બોલીએ છીએ તેના કર્તા મૂળચંદ પોતે વડનગરના વતની હતા. જાતે ભોજક હતા. દર પૂનમે પગે ચાલીને તેઓ કેશરિયાજી જતા. ઘરમાં ગરીબી પણ ખૂબ જ. આવા ગરીબ ભોજકની બનાવેલી આરતી આજે ગામોગામ ગવાય છે. એમાં એમના પવિત્ર ભાવ રહેલા છે માટે....આજે બોલીઓમાં કરોડો રૂપિયા ખર્ચાય છે પણ ભાવ શૂન્ય. ઘણીવાર દેખાદેખી અથવા ચડસા-ચડસીથી જ ખર્ચાતા હોય છે. અન્યાયનું ધન ચાલ્યું તો જાય છે સાથે ન્યાયથી મેળવેલા ધનને પણ લેતું જાય છે અને બદલામાં અશાંતિ, ક્લેશો-રોગો વગેરે આપતું જાય છે. માટે પાપભીરૂ શ્રાવકે અનેક પાપોને ખેંચી લાવનારા.... અનેક અશાંતિઓને લાવનારા ધંધાનો ત્યાગ કરવો જોઇએ. ચાહે તે કુલક્રમથી આવતો હોય તો પણ.... જેમ સુલસે ત્યાગ કર્યો હતો તેમ....તે સુલસ કોણ હતો?

## પાપભીરૂ સુલસ :-

રાજગૃહ નગરમાં કાલસૌકરિક નામનો કસાઇ રહેતો હતો. તેને સુલસ નામનો પુત્ર હતો. આ કસાઇ રોજ ૫૦૦ પાડાનો વધ કરતો હતો. આથી સાતમી નારકીને યોગ્ય પાપ તેણે બાંધ્યુ. તેનો અંતકાળ આવી પહોંચ્યો. કહેવાય છે કે 'જેવી ગતિ તેવી મતિ.' અનેક જીવોના ઘાતથી નરકગતિનું આયુષ્ય બાંધેલું હોવાથી અંતસમયે મતિ-વિપર્યાસ થયો તેના શરીરની બધી ધાતુઓ પાંચે ઇન્દ્રિયોને વિષે વિપરીત બની ગઇ. તે ખૂબ પીડાવા લાગ્યો. સુલસ પિતાની ખૂબ સેવા કરે છે.... પિતાને આખા શરીરે દાહ થાય છે. તેને શાંત કરવા સુલસ ચંદન વગેરેનું વિલેપન કરે છે. કોમળ શય્યામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાને સુવાડે છે.... શીતળ પાણી પીવડાવે છે. પણ વિપરીતતાના કારણે આવી સુંદર સેવા પણ તેને શાતા આપવાને બદલે અશાતા આપે છે. સુલસ પિતાની પીડાથી ખૂબ વ્યથિત છે, તે કસાઈનો પુત્ર હોવા છતાં ખૂબ સંસ્કારી–વિનયી વળી અભયકુમારનો મિત્ર હતો. પોતાની વ્યથા તેણે બુદ્ધિનિધાન એવા અભયકુમારને જણાવી.... અભયકુમારે કહ્યું કે ધાતુની વિપરીતતાના કારણે શરીરે ચંદન વિલેપનના બદલે વિષ્ટાનું વિલેપન કર. કોમળ શય્યાને બદલે કાંટાવાળી શય્યા પર સુવાડ. શીતળ પાણીને બદલે ઉકળતુ પાણી પા અને સુંદર સંગીતને બદલે તેની પાસે ગધેડાના, ઉંટના સ્વરો સંભળાવ. સુલસે પિતા પાસે આવીને આ રીતે સેવા કરવા માંડી.... આ સેવાથી કાલસૌકરિક ખૂબ ખુશ થયો. તેણે કહ્યું કે બેટા અત્યાર સુધી તે કેમ મારી આવી સેવા ન કરી? આ બધાથી મને ખૂબ સારૂં લાગે છે. થોડોક સમય આમ પસાર કરીને અંતે મૃત્યુ પામીને તે સાતમી નરકે ગયો. હવે સ્વજનો સુલસને કહે છે કે ભાઈ! તારા પિતાનો વેપાર તું સંભાળી લે. સુલસ સ્વીકારવાની ના પાડે છે. તેણે પિતાની અંતિમ સ્થિતિ જોઈ હતી. તે બધાને સમજાવે છે પણ બધા તેના પર વધારે દબાણ કરે છે. બધા કહે છે પછી તું શા માટે ડરે છે? તારા દુઃખમાં અમે ભાગ પડાવશું. બધાને શીખ આપવા માટે તે એક કુહાડો મંગાવે છે અને બધાના દેખતાં જ તે કુહાડો પોતાના પગ પર મારે છે. ધડધડ કરતુ લોહી વહેવા માંડે છે. તે એકદમ પોતાની મા વગેરેને કહે છે કે મને બચાવો, મને બહુ પીડા થાય છે.... મારી વેદના કોઈ થોડી લઈ લો.... સ્વજનો કહે છે કે તેં જાતે તો તારા પગ પર કુહાડો માર્યો અને હવે પીડાની બૂમો પાડે છે? વેદના કોઈ લઈ શકે ખરું? સુલસ કહે છે કે જો તમે મારી વેદનામાંથી ભાગ ન પડાવી શકતા હોય તો હું જે પાપો કરું તેમાંથી તમે કેવી રીતે ભાગ પડાવવાના? મારે પાપો કરીને નરકે જવું નથી. છેવટે અભયકુમારની સાથે ભગવાન પાસે જઈને શ્રાવકધર્મ સ્વીકારે છે અને અંતે દેવલોકને પામે છે. આમ પાપભીરૂ શ્રાવકે કુલક્રમથી આવેલો પાપનો ધંધો પાપમય હોય તો કરવો જોઈએ નહીં. પાપથી ડરનારો જ ધર્મને આચરી શકે છે. પાપથી ડરનારો આત્મા અનેક અકાર્યોમાંથી બચી જાય છે. તે ક્યારેય કોઈનું બૂરું ઇચ્છી શકતો નથી. તેથી તેની હંમેશા ચડતી જ થાય છે. કોઈ તેના દુશ્મનો બનતા નથી. તેથી અજાતશત્રુ બનીને તે સારી રીતે ધર્મની આરાધના કરી શકે છે. [ ક્રમશઃ ]

## દૃઢ સંકલ્પ....

નિર્બળ સેનાપતિના નેતૃત્વ હેઠળ લડી રહેલા
બળવાન સૈનિકો પણ યુદ્ધના મેદાનમાં પાછા પડે છે....
પરાજય પામે છે.... બસ એમ જ
ઢીલા મનોબળવાળા સાધક આત્માઓ
ઉત્તમ સાધન સામગ્રી હોવા છતાં સફળતા મેળવી શકતા નથી.
સફળ બનવું છે? તો તમારા સંકલ્પને દૃઢ બનાવો....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા

# જ્ઞાનપંચમી મહોત્સવની ભવ્ય ઉજવણી

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સં. ૨૦૫૬ના કારતક શુદ-૫ (જ્ઞાનપંચમી) ને શનિવાર તા. ૧૩-૧૧-૯૯ ના રોજ સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી લાઇટ ડેકોરેશનપૂર્વક સભાના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

જ્ઞાનપંચમીના આ પાવન પર્વ નિમિત્તે વહેલી સવારના છ વાગ્યાથી રાત્રિના નવ દરમ્યાન અનેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો, સકળ શ્રી સંઘના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ તથા નાના ભૂલકાઓએ હોંશપૂર્વક દર્શન-વંદનનો અમૂલ્ય લ્હાવો લીધો હતો. ઘણા બાલક-બાલિકાઓએ કાગળ-કલમ આદિ સાથે લાવી શ્રદ્ધાપૂર્વક જ્ઞાનની પૂજા-ભક્તિ કરી હતી.

સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણીના દર્શનાર્થે પધારનાર વિશાળ ભાવિક ભક્તોનો અવિરત પ્રવાહ નિહાળી ટ્રસ્ટીગણે ઊંડી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

સભાના પ્રમુખ શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ, મંત્રી શ્રી ભાસ્કરરાય વૃજલાલ વકીલ, મેનેજર શ્રી મુકેશકુમાર એ. સરવૈયા, શ્રી અનીલકુમાર એસ. શેઠે આ મહોત્સવને શાસન પ્રભાવનાપૂર્વક શાનદાર બનાવ્યો હતો.

અહેવાલ : **મુકેશ સરવૈયા**

---

# શોકાંજલિ

શાહ ઝવેરચંદ છગનલાલ (સનાળીયાવાળા-ઉ. વ. ૯૧) ગત તા. ૧૦-૧૦-૯૯ ને રવિવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા અને આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા. ઉપરાંત ભાવનગર શ્રી સંઘની વ્યવસ્થાપક કમિટીના સભ્ય હતા.

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. **શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

# શોકાંજલિ

સંઘવી રસીકલાલ છોટાલાલ ( ઉં. વ. ૭૭ ) ગત તા. **૨૩–૧૦–૯૯** ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય તથા ઘોઘા યાત્રા પ્રવાસના ડોનર પણ હતા.

તેમના અવસાનથી તેમના કુટુંબ–પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે–સાથે સદ્‌ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. **શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેઈટ, ભાવનગર




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

# કાયોત્સર્ગ એટલે શરીરને છોડવાની ક્ષમતા, કાયાથી દૂર થઈ જવાની તૈયારી

—મહેન્દ્ર પુનાતર

અંતરતપનું છેલ્લુ અને છઠ્ઠું ચરણ છે કાયોત્સર્ગ. ભગવાન મહાવીરે આને અંતિમ તપ કહ્યું છે. કાયોત્સર્ગ એટલે શરીરથી છૂટી જવું. મૃત્યુ સમયે તો દરેકને શરીરનો-દેહનો ત્યાગ કરવાનો જ હોય છે. મૃત્યુ સમયે શરીર છૂટી જાય છે પરંતુ મનની ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને વાસનાઓ રહી જાય છે. મરતી વખતે પણ મન શરીરને પકડી રાખે છે. મરવાની પીડા એ જ છે કે જેને આપણે છોડવા માગતા નથી એ છૂટી જાય છે, ઇચ્છાઓ છૂટતી નથી એટલે જ આપણે તેને મૃત્યુ કહીએ છીએ. હકીકતમાં તે મૃત્યુ નથી પણ નવો જન્મ છે. ઇચ્છાઓ પ્રગાઢ હોય છે એ આપણને પીંજરું જૂનું થયું હોય તો પણ છટકવા દેતી નથી. વાસનાના જોરે આપણે શરીરથી બંધાયેલા છીએ મૃત્યુ સમયનું દુઃખ એ છે કે જે મારું છે એમ માનતા હતા તે પકડમાંથી છટકી જાય છે.

**હું શરીર નથી એવું જ્ઞાન અને હું આત્મા છું એવો બોધ એનું નામ કાયોત્સર્ગ**

મૃત્યુમાં જે અનુભવ થાય છે જે ઘટના ઘટિત થાય છે એ ધ્યાનમાં જેને થઇ જાય તે અંતરતપની યાત્રાને સાર્થક કરી શકે છે. કાયોત્સર્ગનો અર્થ છે મૃત્યુનો સહજતાથી સ્વાભાવિક રીતે સ્વીકાર કરવો. ધ્યાનમાં મૃત્યુ જેવી પ્રતીતિ થાય અને શરીરને પકડવાની ઇચ્છા-આકાંક્ષા ન થાય તેનું નામ કાયોત્સર્ગ. સહર્ષ, શાંતિ અને અહોભાવથી દેહનો ત્યાગ કરવાની ક્ષમતા તેનું નામ કાયોત્સર્ગ.

શરીર જીવવા અને કાર્ય કરવા માટે અસમર્થ બની જાય છે ત્યારે ચેતના શરીરથી દૂર થવા લાગે છે. ચેતનાઓ સંકોચાઇ જાય છે. આમ છતાં મન તેને પકડી રાખે છે. શરીર અજીર્ણ થઇને તૂટી રહ્યું હોય છે અને મન તેને જોરથી પકડી રાખે છે એટલે તનાવ ઊભો થાય છે. આ તનાવને કારણે મૂર્છા આવી જાય છે. તનાવ જ્યારે સીમાની બહાર જાય છે. ત્યારે બેહોશી આવી જાય છે. માણસ બેહોશીમાં મરતો હોય છે. આ બેહોશી થોડી પળોની હોય કે દિવસોના દિવસોની હોય એમાં કશો ફરક પડતો નથી. બેહોશી મોટું બંધન છે, કશું યાદ રહેતું નથી. કેટલાય જનમો આમ પસાર થઇ ગયા હોય છે આ બેહોશી એટલી ઊંડી અને પ્રગાઢ છે કે હર જન્મ નવો જન્મ માલૂમ પડે છે. આ મૂર્ચ્છા એવી છે કે અતીતની કોઇ સ્મૃતિને પાછળ છોડતી નથી. કશું યાદ રહેતું નથી. જે વારંવાર આપણે કરી ચૂકયા છીએ એ ફરીથી કરીએ છીએ અને આમ ઘટમાળ ચાલ્યા કરે છે, મુક્તિ મળતી નથી.

ધ્યાનમાં પણ આવી ઘટના ઘટિત થાય છે. એમાં ભલે શરીર છૂટતું નથી પરંતુ ઇચ્છાઓ અને વાસનાઓ છૂટી જાય છે શરીર ભલે રહે પરંતુ શરીરને પકડવાની મનની જે વાસના છે તે ખતમ થઇ જાય છે. મન કોઇને પકડવા માટે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેતું નથી શરીર અને ચેતના અલગ થઈ જાય છે. શરીર અને ચેતનાને જોડનારું મન છે ધ્યાનમાં વિચાર અને વાસના હટી જાય છે. કશી ઇચ્છાઓ રહેતી નથી. શરીર અને ચેતના અલગ દેખાવા લાગે છે ત્યારે મૃત્યુ જેવી પરિસ્થિતિ પેદા થાય છે. શરીર અને ચેતનાને છૂટા પડવાનો જે અંતરાય છે એ પરાકાષ્ઠા છે સાધક જો એ બિંદુ પર અટકી જાય, ભયભીત બની જાય કે પાછો વળી જાય તો કાયેત્સર્ગ શતો નથી. આ પરાકાષ્ઠાએ જે પહોંચે છે તે મૃત્યુની સીમાને પાર કરી જાય છે.

આ બિંદુ સુધી પહોંચવા માટે છ બાહ્યતપ અને પાંચ અભ્યંતર તપનો સહારો ખૂબ જ જરૂરી બની રહે છે. સાધનાના આ પાયા વગર કાયોત્સર્ગ સુધી પહોંચવાનું અતિ કઠિન છે. તમામ ઇચ્છાઓ અને વાસનાનું વિસર્જન થાય ત્યારે જ શરીર અને ચેતના અલગ દેખાવા લાગે છે. પછી મૃત્યુનો ભય રહેતો નથી કારણ કે આપણને ખ્યાલ આવે છે કે આપણે શરીર નથી, કાંઇક બીજુ જ છીએ અને જે આપણે છીએ તે શરીર નષ્ટ થઈ જાય તો પણ નષ્ટ થવાનું નથી. આ પ્રતીતિ અને અનુભવ કાયોત્સર્ગ વગર થઇ શકે નહીં.

## શરીર અને ચેતનાને જોડનારી મનની કડીને તોડવી એનું નામ કાયોત્સર્ગ

કાયોત્સર્ગનો પરંપરા મુજબ અર્થ એ છે કે કાયા પર દુઃખ આવે, પીડા આવે તો તેને સહજ ભાવે સહન કરવી.... કોઈ સતાવે, રીબાવે તો સહજતાથી એ ઉત્સર્ગોને સહન કરવા, બિમારી-કષ્ટ આવે અથવા કર્મોના ફળ ભોગવવા પડે તો તે માટે તૈયારી રાખવી, દુઃખ સહન કરવું. પીડા ભોગવવી, અગાઉના તપ કાયાક્લેશમાં આ બાબતનો ઉલ્લેખ છે જ અને આ સાધના તો તપમાં ઉતરેલા માણસે સ્વીકારવાની જ છે પરંતુ તેનો ગર્ભિત અર્થ સમજવો પડશે. આ અંતરતપ છે એટલે બહારના કોચલાથી તેને મૂલવી નહીં શકાય. દુઃખ અને પીડા સહન કરવાથી માત્ર કાયોત્સર્ગ થઇ જાય નહીં. કાયોત્સર્ગનો અર્થ છે શરીરને છોડવાની તૈયારી; કાયાથી દૂર થઇ જવાની તૈયારી. કાયાથી આપણે ભિન્ન છીએ એ જાણી લેવાની તૈયારી. ધ્યાન એટલે મહામૃત્યુ, ધ્યાનમાં મૃત્યુ ઘટિત થઇ જાય તો બધા બંધનો છૂટી જાય છે. બંધનો જો છૂટી જાય તો નવો જન્મ ધારણ કરવો પડતો નથી. કાયાથી સદાને માટે છુટકારો મળે છે.

શરીર સાથેનું વળગણ છોડવું એટલું આસાન નથી માણસ સમજે છે આ શરીર મારું છે એટલેથી તે અટકતો નથી. હું જ શરીર છું, એમ માની બેસે છે એટલે શરીરની વાસના અને આળપંપાળ અટકતી નથી. શરીરની સાથે આપણું એટલું બધું તાદાત્મ્ય છે કે શરીર સિવાય આપણને બીજો કોઇ ખ્યાલ આવતો નથી. શરીરની ભૂખ, શરીરનો થાક અને શરીરની પીડા એ આપણી પીડા છે એવો ખ્યાલ, એવો અહેસાસ અને એવો ભ્રમ પ્રગાઢ બની જાય છે. કોઇ વસ્તુ સતત્ દોહરાયા કરે છે ત્યારે તે હકીકત બની જાય છે. એટલે શરીરના બધા દુઃખો અને સંતાપો આપણા બની જાય છે. જન્મ, જરા અને મૃત્યુ આપણું બની જાય છે. આ કાયા આપણી નથી તે જાણવું તેનું નામ કાયોત્સર્ગ.

## ચિંતાના જગતથી આપણા સંબંધો તોડી નાખવા એનું નામ કાયોત્સર્ગ

કાયાને મિટાવી દેવી એનું નામ કાયોત્સર્ગ નથી આત્મહત્યા કરવાવાળા માણસો પણ આ શરીર મારું છે એમ માનતા હોય છે. એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો તેનો ફાવે તેવો ઉપયોગ કરતા હોય છે. દરેક વસ્તુ પોતાના સ્વભાવની છે એ બીજાની થઈ શકે નહીં. શરીર આપણું પોતાનું નથી. એ વાયુ, અગ્નિ, આકાશ, જળ અને પૃથ્વીનું બનેલું સંયોજન છે. તેના દરેક કણો જુદા છે. જગતની કોઇ વસ્તુ નષ્ટ થતી નથી, વિલીન થઇ જાય છે. શરીર છૂટી જાય છે ત્યારે ચેતના તેની પકડની બહાર નીકળી જાય છે, તે નષ્ટ થતી નથી તેને બીજુ શરીર મળે તો તે પ્રગટ થાય છે ચેતનાને જાણવાની જેટલી આપણી ક્ષમતા છે તેટલા આપણે છીએ. આ સિવાય આપણે કશું નથી. કોઇ ચીજની આપણી માલિકી નથી. આપણી સમજ વધી રહી છે પરંતુ શરીરને આધાર માનીને આપણે ચાલી રહ્યા છીએ એટલે આટલું બધુ જાણવા છતાં અજ્ઞાત રહ્યા છીએ. આનાથી આનંદ ઓછો થયો છે, દુઃખ વધ્યું છે.

સંબંધોના વિસ્તારની સાથે ચિંતાઓ વધી છે. ચિંતાના જગતથી આપણા સંબંધોને તોડી નાખવા તેનું નામ કાયોત્સર્ગ. પરંતુ આ કઇ રીતે છૂટે? શરીરની માયા કઇ રીતે તૂટે? આ અંગેના બે માર્ગો છે. વિધાયક અને નિષેધાત્મક. નિરંતર સ્મરણ કે હું શરીર નથી, શરીર સાથે મારે કોઇ સંબંધ નથી, કોઇપણ પ્રતીતિને તોડવી હોય તો આ માર્ગ છે. સ્મરણને ગાઢ બનાવવું જરૂરી છે બીજો માર્ગ છે વિધાયક. એમ વિચારવું કે હું શરીર નથી પરંતુ આત્મા છું. જિંદગીમાં પ્રતિપલ, પ્રતિકદમ વિકલ્પો છે. હું શરીર નથી એવું જ્ઞાન થાય તો હું આત્મા છું એવો બોધ ધીરે ધીરે જાગશે. તપ અને ધ્યાન દ્વારા જ આ સીમાને પાર કરી શકાય.

મુંબઇ સમાચારના તા. ૨૫-૧૦-૯૮ ના
'જિન દર્શન' વિભાગમાંથી સાભાર....

જેમની ભક્તિ સર્વ પ્રકારનાં ભયોનું ભંજન કરનારી છે
અને
સકલ મનોરથની સિદ્ધિ કરનારી છે.
તેવા
શ્રી અરિહંત દેવોને અમારી કોટિ કોટિ વંદના હો

શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**Indchem Marketing Corporation**
32, Shamaldas Gandhi Marg,
Saraf Mansion, Mumbai-400 002
Phone : 2617367-68

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકાંજલિ

**શ્રી** પ્રભુદાસ મોહનલાલ ગાંધી ( ભદ્રાવળવાળા-ઉં. વ. ૭૯ ) તા. ૭-૧૧-૯૯ રવિવારે દિવાળીના દિવસે મુંબઇ મુકામે અરિહંત શરણ થયા છે. તેઓશ્રી આ સભાના વર્ષોથી પેટ્રન મેમ્બર હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિકવૃત્તિવાળા અને આ સભા પ્રત્યે વિશેષ લાગણી ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

---

**શ્રી** ધીરજલાલ અમુલખરાય સંઘવી ( ઉર્ફે ભદાભાઇ-ઉ. વ. ૫૯ )નું ગત તા. ૧૩-૧૧-૯૯ ને શનિવારના ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. સભા પ્રત્યે તેઓશ્રીને અસીમ લાગણી હતી. નિયમીત સભાએ આવી ધર્મનું વાંચન કરવું એ તેમનો નિત્યક્રમ હતો. આનંદી, ઉત્સાહી અને રમુજી સ્વભાવ ધરાવતા શ્રી ધીરૂભાઇના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખમાં આ સભા ઊંડા ખેદની લાગણી અનુભવે છે. સાથે-સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

---

**શ્રી** વસ્તુપાળ કુંવરજીભાઇ શાહ ( વિશ્વાસ મશીનરીવાળા - ઉં. વ. ૫૬ ) નું ગત તા. ૧૩-૧૧-૯૯ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્યશ્રી હતા. સભા પ્રત્યે તેઓશ્રીને ખૂબ જ લાગણી હતી. ઉપરાંત તેઓશ્રી ભાવનગર શ્રીસંઘના અનેકવિધ કાર્યોમાં પોતાનો અમૂલ્ય સમય આપી માનદ્ સેવાના કાર્યો નિસ્વાર્થ ભાવે કરતાં હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

---

મહેતા પ્રતાપરાય અનોપચંદ ( ઉ. વ. ૮૭ ) શારદા સાયકલ સ્ટોરવાળા તા. ૨૫-૧૧-૯૯ ને બુધવારના રોજ હાર્ટએટેકના હુમલાના કારણે મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના કારોબારીના સભ્ય અને પેટ્રન મેમ્બર હતા. તેઓશ્રી ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળા અને આ સભા પ્રત્યે અત્યંત લાગણી ધરાવતા હતા

તેઓશ્રીના અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ. **શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લી.

**भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क ली. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.**

**હેડ આફીસ :-**
લોખંડ બજાર, ભાવનગર
ફોન નં. ૪૨૪૧૮૧

**બ્રાન્ચ :-**
માર્કેટીંગ યાર્ડ, ભાવનગર ફોન નં. ૪૪૫૦૦૮
માધવદર્શન, ભાવનગર ફોન નં. ૪૨૦૭૯૯

**-: થાપણુના વ્યાજનાં દરો :-**

(તા. ૨૧-૪-૯૯ થી અમલમાં)

**સેવિંગ્ઝ** ૫.૫૦ ટકા

**ફિક્સ ડીપોઝીટ :-**

| | |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૮.૦૦ ટકા |
| ૯૧ દિવસથી ૧ વર્ષ નીચે | ૯.૦૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ નીચે | ૧૧.૦૦ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ નીચે | ૧૨.૦૦ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ નીચે | ૧૨.૫ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંત | ૧૩ ૦૦ ટકા |

**ડબલ :- ૬૫ માસ**

-: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :-

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા**
ચેરમેન

**શ્રી ઈન્દુકુમાર ઉકાભાઇ પટેલ**
મેનેજીંગ ડીરેક્ટર

**શ્રી રાજેન્દ્ર ઇન્દુકુમાર દવે**
વા. ચેરમેન

**શ્રી જુગલકિશોર પી. પારેખ**
જો. મે. ડીરેક્ટર

**શ્રી જે. એમ. શાહ**
મેનેજર



Trade Mark No 750822 Copy Right No. 56029/99

**શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ એકમાત્ર**

## વિજયનો જૈન સાબુ વાપરો

અધિકૃત વિક્રેતા :
**વિજય એજન્સી**
ફોન : ૪૨૬૭૨૮
**વિજય સેલ્સ કોર્પોરેશન**
ફોન : ૫૧૬૭૮૨

ઉત્પાદક :
**વિજય સોપ એન્ડ ડીટર્જન્ટ ઇન્ડસ્ટ્રીઝ**
મોતીતળાવ રોડ, કુંભારવાડા,
ભાવનગર-૩૬૪ ૦૦૬
ફોન O. ૫૧૦૪૬૧ R. ૫૬૨૨૮૬


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિનવચન પરમ હિતકારી

લેખક : ગુંજન બરવાળિયા

'**મહારાજ**! કાંઈક ઉપાય કરો, હવે તો સહનશીલતાની હદ આવી ગઈ છે, ડાકુ નરપાળ અને તેમના સાગરિતોએ તો આખા પ્રદેશમાં આતંક ફેલાવી દીધો છે' મહાજન, શ્રેષ્ઠીઓ અને વેપારીઓએ દર્દીલા કંઠે માળવા નરેશને ફરિયાદ કરી.

રાજાનો હુકમ છૂટ્યા

રાજાના સિપાઈઓએ નરવીરના અડ્ડાનો નાશ કરી નાખ્યો, નરવીરના તમામ સાથીઓ તો માર્યા જ ગયા, પણ તેની સગર્ભા પત્ની પણ મારી ગઈ. તેના મનમાં દુઃખ હતું, તીવ્ર રોષ હતો, વેદના હતી. વધારે રોષ તો પત્નીની હત્યાથી પેદા થયો હતો બદલો લેવાની પ્રબળ ભાવના એના હૃદયમાં ઉભરાઇ ઊઠી. ક્રોધથી તેની નસો ફૂલી ગઇ હતી જાણે સમગ્ર રાજ્યનો નાશ કરવાની વૈરભાવનાની જ્વાળા લબકારા લેતી હતી.

પરંતુ તે એકલો હતો, નિઃસહાય હતો, તેનો સંસાર સળગી ઉઠ્યો હતો, મન અશાન્ત હતું, લોહીથી રંગાયેલી તલવારની પાસે એ ઉદ્વિગ્ન ચિત્તે જંગલમાં વૃક્ષની છાંયામાં બેઠો હતો.

એવામાં એક આચાર્ય શિષ્ય પરિવાર સાથે ત્યાંથી પસાર થઇ રહ્યા હતા, સાધુના મુખ પર અદ્ભૂત શાંતિના ભાવો હતા. મુખારવિંદ પરના તેજ અને કાંતિ જાણે વાતાવરણ પાવન બનાવતા હતા.

નરવીરે આચાર્યશ્રીને પ્રણામ કર્યા.

આચાર્યશ્રીએ નરવીરને 'ધર્મલાભ'ના આશીર્વાદ આપ્યા. આ મહાજ્ઞાની પ્રતિભાશાળી જૈનાચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી હતા, તેમણે નરવીરના વંદનને વાંચતા કહ્યું.

'મહાનુભાવ! તું ખૂબ અશાંત દેખાય છે....' નરવીરે પોતાની વ્યથાની કથા કહી. આચાર્યદેવશ્રીએ નવવીરને કર્મોદય અને ક્ષમાના રહસ્ય સમજાવ્યા. નરવીરને આ જિનવાણી સાંભળતા આગ ઉપર પુષ્કરાવર્ત મેઘ વરસ્યાની અનુભૂતિ થઈ. આ પાવન જિનવાણી જાણે સંસારની બળબળતી બપોરમાં ચંદનના લેપ સમી શીતળતા આપનારી બની. તીવ્ર કષાયોથી બળતા નરવીરના આત્માને શાંતિ મળી, વૈરની આગ ઠરી ગઇ. જિનવાણીના સંસ્કારો આત્મા પર અંકિત થઈ ગયા, આવા ઉત્કૃષ્ટ સંસ્કારો લઇને મૃત્યુ પામેલ નરવીરનો આત્મા પછીના ભવમાં મનુષ્ય દેહ અને જૈન-ધર્મ પામ્યો. પૂર્વે જિનવાણી શ્રવણના પ્રતાપે શ્રી જિનેશ્વરદેવનો પૂજક, આરાધક એ આત્મા મરીને કુમારપાળ બન્યો.

કુમારપાળે ૫૦ વર્ષની ઉંમર સુધી કેટલાય કષ્ટો સહન કરી કર્મનિર્જરા કરી. ગુરુદેવ શ્રી હેમચંદ્રસૂરિનો પરિચય થવાથી તેનું આત્મોત્થાન થયું.

જિનવાણી માનવીના અંતરતલનું આમૂલ પરિવર્તન કરાવી શકે છે.

તીર્થંકરોના દિવ્ય વચનોને ગણધરોએ સૂત્રોમાં ગુંથી લીધા. આ જિનવચનો આગમ-ગ્રંથોમાં સંગ્રહિત છે. આ ગ્રંથોના માધ્યમથી મહાનશ્રુતધર આચાર્યોએ અનેક ગ્રંથોની રચના કરી. જેમણે ગુરુ પરંપરાથી આગમ ગ્રંથોનું અધ્યયન કર્યું હોય, જેઓ સંયમી અને પ્રજ્ઞાવંતા હોય એ ગુરુજનો જિનવચનોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાર્થ બોધ આપી શકે છે. સદ્ગુરુના મુખેથી સાંભળેલ જિનવાણીનું શ્રવણ આત્માને વિશુદ્ધ કરે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલ આ સંસારમાં આપણને સમતા, શાંતિ અને પ્રસન્નતા એક માત્ર જિનવચન જ આપી શકે.

## જિનવાણી સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે.

વર્ષાની જલધારાથી ભીંજાઈને જમીન પોચી પડે છે, પોચી જમીનમાંથી જ બીજ ઝડપથી અંકુરિત થાય છે, તેમ આપણા પર કરુણા કરનાર જિનવાણીની વર્ષા આપણા રૂક્ષ હૃદયને કોમળ બનાવે છે. અનંતકાળથી આત્મા ઉપર અજ્ઞાનના આવરણ છે, જિનવાણીની વર્ષા આ આવરણને ભેદી જ્ઞાનબીજને અંકુરિત કરવામાં સહાય કરે છે. સ્વાતિ નક્ષત્રમાં વરસતી વર્ષાનું જલબિંદુ કાલુ માછલીના મુખમાં પડવાથી તે મોતી બને છે. તેમ જિનવાણી રૂપ વર્ષા પાત્ર જીવના અંતરઆત્માને સ્પર્શે તો તે સમકિત્ રત્નની પ્રાપ્તિ કરાવે છે.

રોહિણીયા ચોરના કાને ભગવાન મહાવીરના મુખેથી બોલાયેલા જિનવચન પડયા ને તેના જીવનની દિશા બદલાઈ ગઈ.

જગત્ગુરુ હિરવિજયસુરિજી આદિ સંતોના મુખેથી સંભળાયેલી જિનવાણીના પ્રભાવે મોગલ બાદશાહ અકબરે વર્ષમાં છ માસ માંસાહારનો ત્યાગ કર્યો.

જિનવાણી માતા પરમહિતકારી છે. જિનવચન આત્મ તત્વના રહસ્યોનો સ્ફોટ કરી અને અધ્યાત્મ જીવનને સાચું દિશા દર્શન કરાવે છે.

દરેક આત્મા સ્વતંત્ર છે, કોઇ કોઈને આધિન નથી, સ્વાધીન છે. પોતાનું કાર્ય પૂર્ણ કરવામાં સંપૂર્ણ સામર્થ્યવાન છે. બધા આત્માઓ સમાન છે. દરેક આત્મા અનંતસુખથી ભરેલો છે. સુખ અનુભવનો વિષય છે, બહારથી પ્રાપ્ત થાય તેવી વસ્તુ નથી. આત્મા જ નહિ પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે. જિનવચન કહે છે કે આપણામાં રહેલા અજ્ઞાનને ઓળખીશું તો જ સાચું જ્ઞાન પ્રાપ્ત થશે. પોતાને નહિં ઓળખવો એજ જીવની સૌથી મોટી ભૂલ છે. એ ભૂલને સુધારવી એટલે પોતાનું સાચું સ્વરૂપ સમજવું. જો સાચી દિશામાં પુરુષાર્થ કરવામાં આવે તો જીવ શિવ બની શકે છે. જૈન ધર્મ પ્રમાણે પ્રત્યેક આત્મા પરમાત્મા બની શકે છે. ભગવાન જગતકર્તાહર્તા નથી, એ તો સમગ્ર જગતના જ્ઞાતા દ્રષ્ટા છે.

જૈન દર્શન એ કોઇ એક મત કે સંપ્રદાય નથી એ તો વસ્તુનું સ્વરૂપ છે, એક તથ્ય છે અને પરમ સત્ય છે. આ પરમ સત્યને પામીને નરમાંથી નારાયણ બની શકાય છે, એ જ એનો સંદેશ છે. આપણે આપણને જાણવાનો છે. આપણે સ્વની ઓળખાણ કરવાની છે ને સ્વને જાણે તે સર્વસ્વ જાણી શકે છે.

જે સમસ્ત જગતને જાણીને એનાથી પૂર્ણ અલિપ્ત વીતરાગ રહી શકે અથવા પૂર્ણ રૂપથી અપ્રભાવિત રહીને જગતને જાણી શકે તે જ ભગવાન છે.

જેના વડે સંસારરૂપી સાગર તરી શકાય તેને તીર્થ કહેવામાં આવે છે અને જે આવા તીર્થને કરે, એટલે સંસાર સાગરમાંથી પાર ઉતરવાનો માર્ગ જે કરી આપે અથવા એવા માર્ગનું નિર્દેશન કરે તેને તીર્થંકર કહેવામાં આવે છે.

જિનવચન એ તીર્થંકર પ્રરૂપિત એટલે તીર્થંકરે પ્રેરણા કરેલ વચન છે. આવી જિન-વાણીનું શ્રવણ સંસાર સાગર તરવા માટે નૌકા સમાન છે.

મુંબઈ સમાચારના તા. ૩-૯-૯૭ ના દૈનિકમાંથી સાભાર....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## મા-બાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધું માબાપને ભૂલશો નહિ,
અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું;
કાઢી મુખેથી કોળિયો, મોંમા દઇ મોટા કર્યા,
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા;
એ લાખ નહિ પણ શખ છે એ માનવું ભૂલશો નહિ,
ભીને સૂઇ પોતે અને સૂકે સુવડાવ્યા આપને,
પુષ્પો બીછાવ્યા પ્રેમથી જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર કંટક કદિ બનશો નહિ,
ધન ખર્ચતા મળશે બધું મા-બાપ મળશે નહિ.
અગણિત છે ઉપકાર એના માનવું ભૂલશો નહિ,
પુનિતજનના કાળજા પથ્થર બની છુંદશો નહિ
સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભુલશો નહિ,
એની અમીમય આંખને ભુલીને ભીંજવશો નહિ.

卐

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

### શાહ શાંતિલાલ લાલચંદ-હારીજવાળા

"શાંતિ સદન", ૧૩૨-વિજયરાજનગર, શાસ્ત્રીનગર સામે, ભાવનગર-૩૬૪૦૦૩
ટેલીફોન નં. : ૪૩૦૬૭૬



'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે
તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

ડી. એલ. શાહ

卐 પ્રેસર કુકર, સીલીંગ ફેન, પલંગ, ઘડીયાળ, મીક્ષ્ચર, સ્ટીલ વાસણ, સરળ હપ્તેથી ખરીદવા માટે મળો.

卐 ઇમ્પોર્ટેડ ફ્લાવર, થર્મોવિર, ક્રોકરી વેર, ફેન્સી પર્સ, ગીફ્ટ આઇટમ, કાર્ડસ્ તથા હોમ એપ્લાયન્સની અનેક વિવિધ વેરાઇટીઓ....

### ધનલક્ષ્મી એજન્સી ડીપાર્ટમેન્ટ

કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર ૩૬૪૦૦૧
હવેલીવાળી શેરી, વોરા બજાર, ભાવનગર ૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૪૨૭૬૦૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## પરિપત્ર

### સામાન્ય સભાની મીટીંગ

**સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,**

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૬ ના માગશર વદ ૪ ને રવિવાર તા. ૨૬-૧૨-૯૯ ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૭-૩-૯૯ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) તા. ૩૧-૩-૯૯ સુધીના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજુર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ ઉપર મુકેલ છે.

(૩) તા. ૧-૪-૯૯ થી તા. ૩૧-૩-૨૦૦૦ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રીશ્રીઓ રજૂ કરે તે.

લિ. સેવકો

તા. ૧૬-૧૨-૧૯૯૯

ભાવનગર

**હિંમતલાલ અનોપચંદ મોતીવાળા**
**ચીમનલાલ વર્ધમાન શાહ**
**ભાસ્કરરાય વ્રજલાલ વકીલ**
માનદ્ મંત્રીઓ

---

તા. ક. (૧) આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

(૨) ૧૯૯૮-૯૯ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ સમય દરમ્યાન તા. ૧૭-૧૨-૯૯ થી તા. ૨૫-૧૨-૯૯ સુધીમાં મેમ્બરો જોઇ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash ☐ નવે.-ડીસે. : ૯૯ ☐ Regd. No. GBV. 31



## બંધુત્વ પ્રેમ

धर्मान्तरेष्वसंकोर्णा
विश्वबन्धुत्ववदर्शनाः ।
बन्धवन्त्येव सर्वत्र सन्तः
स्त्रपथगा अपि ।।

卐

☒ અન્ય ધર્મો તરફ જેમનાં દિલ સાંકડાં નથી અને જેઓ વિશ્વબંધુત્વની અનુભૂતિ ધરાવે છે તેઓ પોતાના ધર્મસમ્પ્રદાયમાં રહીને પણ બધા સાથે બંધુભાવ રાખે છે.

卐

☒ Those who are liberal in views towards other religions and realize in their heart universal brotherhood, eventhough adhering to their own religion, maintain friendly relations with all.

પ્રતિ

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only